

મહારાષ્ટ્રમાં મળેલી ભાજપને જીતના પગલે આજે બનાસકાંઠામાં શહેર ભાજપ દ્વારા આતશબાજી કરી જીતની ખુશી માનવતા નજરે પડ્યા હતા.પાલનપુરમાં ભાજપી ટેકેદારો તેમજ સમર્થકો દ્વારા આજે ગુરુનાનક ચોક ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈ ફટાકડા તેમજ મીઠાઈ વહેંચી જીતની એકબીજાને વધામણી આપી હતી. આ પ્રસંગે ભાજપના મોટા ભાગના નેતા તેમજ સમર્થકોએ ભાજપની જીત એ એક ઐતિહાસિક જીત ગણાવી આવનારા સમય માટે ભારતને વિશ્વ ગુરુ બનાવવા માટે જરૂરી પગલું ગણાવ્યું હતું.

# આજે અરવલ્લીમાં હરહર મહાદેવના નાદથી શિવમંદિરો ગુંજશે

મોડાસા, તા. ૨૩

અરવલ્લી તેમજ સાબરકાંઠા જિલ્લામાં આજે શિવમંદિરો હરહર મહાદેવ, જય શિવ સંભુ, ઓમ નમ શિવાયના નાદથી ગુંજી ઉઠશે ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના અતિપ્રાચીન કાશીવિશ્વનાથ મહાદેવમાં પણ ભક્તોનું ઘોડાપુર ઉમટશે. ઉપરાંત બેન્ડવાજા, ભજન મંડળીઓ સહિત પાલખીમાં બિરાજમાન શિવજીની શોભાયાત્રા ધુમધામથી નીકળશે.

ભગવાન શિવજીની આરાધના કરી તેમની અનન્ય કૃપા પ્રાપ્ત કરવાનો ઉત્તમ દિવસ આજે મહાશિવરાત્રિ કહેવાય છે. એક પારધી જ્યારે જંગલમાં શિકાર કરવા નીકળ્યો હતો ત્યારે તે અજાણતા શિકારની રાહ જોતી વખતે તેને આખી રાત બીલીના વૃક્ષ ઉપર બેસીને વિતાવી અને તે રાત્રિ હતી. મહાસુદ તેરસ એટલે કે મહાશિવરાત્રિ. આખી રાત શિકારની રાહ જોતા તે વૃક્ષ ઉપર બીલીના પાન તોડી તોડીને નીચે નાખતો હતો. પાન તોડીને નીચે નાખતી વખતે આ પારધીને ખબર ન હતી કે ઝાડના નીચે અદૃશ્ય શિવલિંગ છે. આમ, અજાણતામાં આખી રાત શિવલિંગ ઉપર બીલીપત્રના અભિષેક બાદ શિવજી તેના પર પ્રસન્ન થઈ તેને વરદાન આપ્યુ હતુ કે અને તે એક શિકારીમાંથી સંત બની ગયો.

અહીં વાત છે શિવજીની આરાધના કરી શિવકૃપા પ્રાપ્ત કરવાની, અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માઝુમ નદીના કિનારે આવેલ અતિપ્રાચીન શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર જે ઘણા વર્ષોથી અહીં સ્થિત છે. આજે મહાશિવરાત્રિના દિવસે ખુબ ધામધૂમથી ભજન, કીર્તન સાથે ઉજવણી કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મોડાસા ચૌર્યાસી બ્રાહ્મણ સમાજ, એકલિંગજી મિત્ર મંડળ દ્વારા બપોરે



૩ કલાકે ભોળાનાથજી પાલખી અને બેન્ડવાજા તેમજ ભજન મંડળી સાથેની શોભાયાત્રા શહેરમાં ફરતે નીકળશે જેમાં મોડાસા શહેરની જનતાને શોભાયાત્રામાં જોડાવવા જાહેર આમંત્રણ પણ પાઠવવામાં આવે છે અને રાત્રિ દરમિયાન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં ભજન-કિર્તન અને લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવેલ છે.

# અરવલ્લી જિલ્લાને પુરતી રકમની ફાળવણી નહિ કરાતાં ન્યાય મેળવવા રજૂઆત કરાશે

મોડાસા, તા. ૨૩

રાજ્ય સરકારના નાણાંમંત્રી દ્વારા તાજેતરમાં રજુ કરવામાં આવેલ બજેટમાં અરવલ્લી જિલ્લામાં કોઈ યોજના કે તેના નાણાંની ફાળવણી નહિ કરવામાં આવતા અને જિલ્લામાં આરોગ્ય અને સિંચાઈ પરત્વે અન્યાય થયો હોવાનો જિ.પં. પ્રમુખને પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

નવરચિત અરવલ્લી જિલ્લામાં ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય-પરિવાર સંદર્ભે ભિલોડા અને શામળાજી, મેઘરજ કે અન્ય તાલુકા ખાતે સિવિલ હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટર બનાવવા અંગે અગાઉ રજૂઆત કરવામાં આવેલ છે જેમાં કોઈ નિર્ણય સરકાર દ્વારા લેવાયેલ નથી, સિંચાઈ સંદર્ભે જિલ્લાને નર્મદા મુખ્ય નહેર કે નર્મદા યોજનાનો કોઈ લાભ મળતો ન હોવાથી ખેડૂતોની મુશ્કેલીઓ ધ્યાને

**જિલ્લામાં આરોગ્ય અને સિંચાઈ પરત્વે અન્યાય થયો હોવાની જિલ્લા પંચાયત પ્રમુખનો પ્રતિભાવ**

લઈ સિંચાઈની કોઈ વિશેષ જોગવાઈ કરવામાં આવી નથી. મેશ્વો, હાથમતી, વણજ અને અન્ય ડેમો દ્વારા લીફ્ટ ઈરીગેશન દ્વારા ગ્રામીણ વિસ્તારના તળાવ ભરવા અંગે કોઈ જાહેરાત કે જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી નથી.

સરકાર દ્વારા રજૂ કરાયેલ બજેટમાં અરવલ્લી જિલ્લામાં ગ્રામીણ વિસ્તારો, અંતરિયાળ ગામડાઓમાં આરોગ્યલક્ષી સેવાઓ તેમજ ખેડૂતો માટે સિંચાઈમાં કોઈ યોજના માટે ફાળવણી કરવામાં આવી ન હોઈ જિ.પં. રાજેન્દ્ર પ્રમુખ પારધીએ આ અંગે થયેલા અન્યાયની રજૂઆત સરકારમાં કરાશે તેમ જણાવ્યુ હતુ.

# કાંકરેજ તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનોની અનિશ્ચિત મુદતની હડતાલ

કાંકરેજ, તા. ૨૩

ગુજરાત સરકારે રજુ કરેલા બજેટથી આંગણવાડી કાર્યકરો અને તેડાગરોમાં સમગ્ર ગુજરાતમાં



નારાજગી જોવા મળી રહી છે. ત્યારે બનાસકાંઠાના કાંકરેજ તાલુકાની ૨૯૨ આંગણવાડીની કાર્યકર બહેનો અને તેડાગર બહેનો શિહોરી મામલતદાર કચેરી ખાતે એકઠાં થયા હતા અને આવેદનપત્ર આપ્યુ હતુ. જો કે આંગણવાડી અને તેડાગરોમાં પગારમાં સામાન્ય વધારો કરાતાં લોલીપોપ પકડાવી દેવામાં આવી છે અને સરકારે અમારી મજાક કરી છે તેવા આક્ષેપો સાથે તા. ૨૩-૨-૨૦૧૭ના રોજ કાંકરેજ મામલતદાર અને સીડીપીઓ કાંકરેજને આવેદન પત્ર આપી પોતાની માંગણીઓ રજુ કરી હતી. જો કે પગાર વધારો અને કાયમી કરવાની આ માંગણીઓને લઈ તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. કાંકરેજની ૨૯૨ આંગણવાડી કાર્યકરો અને તેડાગર બહેનો ૫૦૦ ઉપરની સંસ્થા થવા જાય છે. પરંતુ સવારથી જ મામલતદાર કચેરી ખાતે મોટી સંખ્યામાં એકઠી થયેલ બહેનોએ ભુખ્યા અને તરસ્યા રહીને પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા જોર કર્યુ હતુ અને માંગણીઓ સંતોષવામાં નહિ આવે તો અચોક્કસ મુદતની હડતાલ છે તદ્ ઉપરાંત તા. ૨૭-૨-૧૭ના રોજ ગાંધીનગર જુના સચિવાલય ખાતે એકઠા થઈ વિરોધ નોંધાવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. જેમાં હેતલબેન પટેલ, આશાબેન જોષી, વિણાબેન પરમાર, ડેમીબેન દવે સહિત સીડીપીઓ જયાબેનને આવેદનપત્ર આપ્યું હતું.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ આવાસોનું લોકાર્પણ કાર્યક્રમ



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા ૯૯૦ સર્વે નંબરમાં બનાવવામાં આવેલ આવાસોનું લોકાર્પણ સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. પ્રાંતિજ ગલેચી ભાગોળ બોખના કિનારે સંકલીત આવાસ અને ગંદા વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ સર્વે નંબર- ૯૯૦માં ૭ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ ૩૪૪ આવાસો પૈકી ૨૧૨ લાભાર્થીઓને મકાન ફાળવવામાં આવ્યા હતાં અને સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે લોકાર્પણવિધી કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જયેન્દ્રસિંહ રાઠોડ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, ચીફ ઓફિસર વી.એસ રાઠોડ, બાંધકામ સમિતિના ચેરમેન મુકેશભાઈ સથવારા, કારોબારી અધ્યક્ષ દિલીપભાઈ રાવળ, ઉપપ્રમુખ પંકજભાઈ મોદી તથા નગરપાલિકા કોર્પોરેટરો સહિત ભાજપ આગેવાનો કાર્યકરો અને લાભાર્થીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અરવિંદભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ નગરપાલિકામાં અંદાજપત્ર બેઠક યોજાઈ

## સભા પહેલા બાયડ-તલોદ વાળીના થાય તે માટે ભાજપ જિલ્લા પ્રમુખ સહિત આગેવાનો ઉતરી પડ્યાં : આખરે કોર્પોરેટરો ઉપસ્થિત રહી બજેટને લીલી ઝંડી આપી : પ્રાંતિજ નગરપાલિકા ઉપર મડરાતુ ગ્રહણ ટળ્યુ : તેર કરોડ છોત્તેર લાખનું બજેટ સર્વાનુમતે પ્રસાર

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકાની બજેટની સામાન્ય તા.૨૦/૨/૨૦૧૭ને સોમવારના રોજ પાલિકાના ચુંટાયેલા સભ્યો ગેરહાજર રહેતાં નોન કોરમ કરવામાં આવી હતી અને ફિયાસ્કો થયો હતો અને પ્રાંતિજ રાજકારણમાં ગરમાવો છવાયો હતો ત્યારે બાયડ-તલોદ જેવી સ્થિતિ પેદા ન થાય તે માટે જિલ્લા પ્રમુખ સહિત ભાજપના આગેવાનો પ્રાંતિજ ખાતે મીટીંગ પહેલાં બંધ બારણે મીટીંગ યોજાતાં પાલિકા ઉપર મડરાતુ ગ્રહન ટળ્યું.

પ્રાંતિજ ખાતે બે દિવસ પહેલાં બજેટને લગતી સામાન્ય સભાની મીટીંગમાં નગરપાલિકામાંથી ચુંટાયેલા ૨૧ સભ્યોમાંથી માત્ર



પ્રમુખ સહિત એક કોંગ્રેસ કોર્પોરેટર તથા એક અપક્ષ કોરેપોરેટર સહિત કુલ-ત્રણ સભ્યો ઉપસ્થિત રહેતાં નગરમાં મુદ્દો ટોપ એન ટાઉન બન્યો હતો અને વિવિધ ચર્ચાઓએ જોર પકડયુંહતુંત્યારે તા.૨૨/૨/૨૦૧૭ને બુધવારના રોજ યોજાતા મીટીંગ પહેલાં બાયડ અને તલોદ જેવી સ્થિતિ ઉભી ન થાય તે માટે ભાજપ જીલ્લા પ્રમુખ ખાતે દોડી આવ્યાં હતાં અને મીટીંગ પહેલાં ચર્ચાઓ યોજાઈ હતી. ભાજપ જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલ, શહેર પ્રમુખ વિજયભાઈ ભાજપ આગેવાનો કાર્યકરો સહિત સામાન્ય સભા પહેલાં બંધ બારણે મીટીંગ યોજાઈ અને મીટીંગ પહેલાં ચર્ચાઓ થતાં અસંતોષ કોર્પોરેટરોને સાંભળી તેમણી માંગો સ્વિકારી હતી. આખરે સામાન્ય સભામાં બજેટને પાલિકા સભ્યો દ્વારા સમુહ હાથ ઉંચા કરી બહોલી આપવામાં આવી હતી અને સભ્યો હાજર રહેતાં વિવિધ ચર્ચાઓનો પણ અંત આવ્યો હતો અને વિકાસ ના કામો બાંધાઓનો અંત થયો હતો અને પ્રમુખ સહિત ભાજપ કાર્યકરો મીટીંગ માં ઉપસ્થિત રહ્યાંહતાં શાંન્તી પૂર્ણ મીટીંગ પૂર્ણ થતાં હાશકારો અનુભવ્યો હતો અને તેર કરોડ છોત્તેર લાખ નું બજેટ સર્વાણુ મતે મંજુર કરવામાં આવ્યું હતું.



## તલોદની આર્ટસ-કોમર્સ કોલેજ વિજેતા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલી ક્રિકેટ મેચોમાં કુલ ૧૮ ટીમે બી ગૃપમાં ભાગ લીધો હતો. જેમાંથી તલોદના એક જ કેમ્પસમાં આવેલી એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ અને એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજનો ફાઈનલ મેચમાં સીધો મુકાબલો થયો હતો. તલોદ કોલેજના મેદાનમાં ગત રોજ યોજાયેલ ભાઈઓની ફાઈનલ ક્રિકેટ મેચમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ૧૩૨ રન સાથે વિજેતા ઘોષિત થવા પામી હતી. ભગીની સંસ્થા સાથેની મેચમાં આર્ટસ-કોમર્સ કોલેજે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનુ મુનાસિબ માન્યુ હતુ. જેમાં તેણે ૯ વિકેટ સાથે ૨૩૬ રનનો સ્કોર ખડકી દીધો હતો. જ્યારે સાયન્સ કોલેજની ટીમ ૧૦૪ રન બાદ ઓલઆઉટ થઈ ગઈ હતી. વિજેતા ટીમના યશ રાવળે ૪૧ રન સાથે ૪ વિકેટ ઝડપી હતી જ્યારે જયદિપ પરમારે ૫૭ રન કર્યા હતા.

# મોડાસાના સાકરીયા પાસે અકસ્માતમાં આઠને ઈજા : એક ગંભીર, ચાલક ફરાર

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લામાં



મોડાસા તાલુકાના સાકરીયા નજીક કારની ટક્કરે રીક્ષામાં બેઠેલ પાંચ મહિલાઓ સહિત આઠ વ્યક્તિઓ ઘવાતા તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે અકસ્માત સર્જી કારનો ચાલક કાર સાથે ફરાર થઈ ગયો હતો જેને ઝડપી લેવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

મોડાસા-ગોધરા હાઈ-વે પર સાકરીયા નજીકથી પસાર થઈ રહેલ કારના ચાલકે પુરપાટ અને ગફલતભરી રીતે કાર હંકારી લાવી સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં આ કાર રોડ ડવાઈડર સાથે અથડાઈ સામેની બાજુએથી આવતી રીક્ષાને ટકરાતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં રીક્ષામાં બેઠેલ પાંચ મહિલાઓ સહીત આઠ જેટલી વ્યક્તિઓને શરીરે ઓછા-વત્તી ઈજાઓ થવા પામી હતી. આ તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી સેવા ધ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી જેમાંથી એક મહિલાની હાલત વધુ ગંભીર હોવાનું જાણવા મળ્યુ છે. જયારે કારનો ચાલક અકસ્માત સર્જી ત્યાંથી નાસી છુટયો હતો.

આ અંગે મોડાસા રૂરલ પોલીસે આરોપી ફરાર કારચાલક વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં ઈજા પામનારમાં હિરાભાઈ સુખાભાઈ પરમાર (ઉ.વ.૬૫) રહે. ફૂટા, માલપુર, સંગીતાબેન શંકરભાઈ પરમાર (ઉ.વ.૪૦) માથાસુલીયા, મોડાસા, મંગુબેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૫૩) રહે. માથાસુલીયા, મોડાસા, રૂપાબેન રત્નાજી માલીવાડ (ઉ.વ.૪૫) રહે. અણદાપુર, અને માંગીબેન ભુરાજી તરાર (ઉ.વ.૮૦) રહે. કુડોલ કંપા, મોડાસા અને નંદાબેન જયંતિભાઈ ડોડીયાર (ઉ.વ.૬૫) માથાસુલીયા, મોડાસાનો સમાવેશ થયો છે.



# કાંકરેજની ચાંગા નર્મદા કેનાલમાંથી અજાણી યુવતીનો મૃતદેહ મળ્યો

કાંકરેજ, તા. ૨૩

કાંકરેજ તાલુકાના ચાંગા ગામેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી એક અજાણી ૨૫ વર્ષિય યુવતીનો મૃતદેહ મળી આવતા લોકોના ટોળા ઘટના સ્થળ પર ઉમટ્યા હતા. આ બાબતે ચાંગે સરપંચ પરમાર પુંજાભાઈ તથા હરદાસભાઈ પટેલે તાત્કાલિક થરા પોલીસનો સંપર્ક કરી જાણ કરી હતી અને થરા પોલીસ તાબડતોબ ઘટનાસ્થળ ઉપર જઈ કાર્યવાહી હાથ ધરી હતી. જો કે સ્થાનિક તરવૈયા દિનેશ ચૌધરીની મદદથી મૃતદેહ બહાર કાઢી પંચનામુ કરી પીએમ માટે થરા સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જ્યાં એએસપી અક્ષયરાજ મકવાણા પણ દોડી આવ્યા હતા અને મૃતકની ઓળખ વિશે તેમજ મોતના કારણ વિશે કાર્યવાહિ હાથ ધરી હતી. મૃતકની ઉંમર ૨૫ વર્ષની હોવાથી અને ગર્ભવતી હોવાથી મોત અંગે શંકા-કુશંકાઓ વહેતી થવા પામી છે. જો કે હત્યા કે આત્મહત્યા વિશેનું રહસ્ય હજુ સુધી અકબંધ રહેવા પામ્યું છે.



## બોભા ગામે વરરાજા હાથી પર બેસી પરણવા આવ્યા

તમે લગ્નમાં નિકળતાં વરઘોડા કેટલાંય જોયાં હશે પણ સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બોભા ગામે હાથી ઉપર નિકળેલ વરઘોડો જોવા ગામજનો સહિત આજુબાજુમાં રહેતા લોકો ઊમટી પડયા. પહેલાના સમયમાં રાજા રજવાડા વખતે ઘોડા હાથીઓનો યુધ્ધ કે શુભ પ્રસંગોમાં ઉપયોગમાં લેવામાં આવતાં હતાં ત્યારે હાલ ઘોડા ઉપર કેટલાંય વરરાજા વરઘોડા નિકળ્યાં છે પણ પ્રાંતિજના બોભા ગામે રહેતાં જોધ્ધા રાઠોડ વિક્રમસીંગ જૈનસીંગના પુત્ર વનરાજસિંહના લગ્ન પ્રસંગે ઘોડા પર નહીં પણ હાથી ઉપર કાઢવામાં આવ્યો હતો અને હાથીને અમદાવાદ જગન્નાથ મંદિરમાંથી બોલાવવામાં આવ્યો હતો અને હાથી ઉપર બેઠેલ વરરાજાને જોવાં બોભા ગ્રામજનો સહિત આજુબાજુમાં રહેતાં લોકો ઉમટી પડયા હતાં અને બોભા ગામમાં પ્રથમવાર હાથી પર વરરાજાનો વરઘોડો કાઢવામાં આવતાં સમાચાર વાયુવેગે વહેતા લોકો ઉમટી પડયા હતા.

# મહેસાણા તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રાજયના વહીવટમાં પારદર્શિતા વધે, પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે તાલુકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત મહેસાણા તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. નિવાસી કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું કે રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની રજુઆતોનો કે જે રાજય સરકારની અમલવારી સાથે સંલગ્ન વિભાગોના સ્થાનિક તાલુકાના અધિકારીઓ દ્વારા નિકાલ કરી શકાય તેવી રજુઆતોનો સ્થળ ઉપર નિકાલ માટે રાજ્ય સરકારે તાલુકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

# તલોદના અંતરિયાળ માર્ગેથી કતલખાને લઈ જવાતા પશુઓ ભરેલ વાહન પકડાયુ

તલોદ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના અંતરિયાળ માર્ગો વિંધીને ગેરકાયદેસર પશુધનને કથિત કતલખાને વાહનોમાં ભરીને લઈ જવાનો ધંધો ધીકતો ચાલી રહ્યો છે. તાલુકાના દોલતાબાદ અને આંજણા ગામ પંથકમાંથી આવા અબોલ પશુઓને ગેરકાયેદસર લઈ જતા ઝડપાયેલા વાહનોના સમાચાર હજુ તો તાજા છે ત્યાં જ આજે તલોદના રોજડ ચાર રસ્તા પાસેથી ભેંસો ભરેલા પીકઅપ ડાલુ વાહનને પોલીસે ઝડપી લઈ વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તલોદ તાલુકાના પુંસરી પંથક બાજુથી રોજડ થઈને સાગપુર તરફ ભેંશો ભરીને રજીસ્ટ્રેશન નંબર વગરનું એક પીકઅપ ડાલુ રવાના થઈ રહ્યું છે તેવી પોલીસને મળેલ બાતમી આધારે પોલીસે રોજડ ચાર રસ્તા પાસે વોચ રાખીને ડાલુને થોભાવી તેમાં તપાસ કરતાં ગેરકાયદેસર રીતે બે ભેંસો નિર્દયી રીતે બાંધીને લઈ જતી હોવાનું જણાયું હતું.